હરસોલ પાસેથી કતલખાને લઈ જવાતી ૧૩ પશુઓ ભરેલી ટ્રક તલોદ પોલીસે ઝડપી પાડી

(તસવીર : દશરથ વણઝારા, તલોદ)

તલોદ, તા.૮

સાબરકાંઠા જિલ્લાના તલોદ-મોડાસા રોડ ઉપરના હરસોલ તાજપુર કેમ્પ વચ્ચેના માર્ગ ઉપરથી પસાર થતી એક ભારવાહક મિની ટ્રક (આયશર)ને તલોદ પોલીસે આજે ઝડપી લીધી હતી. જે આયશર ગાડીમાં ત્રણેક ઈસમો ગેરકાયદેસર રીતે નાદાન પશુએવી ૧૩ ભેંસોને મુશ્કેટાટ બાંધીને કતલખાને લઈ જતા હોવાનું મનાય છે. પોલીસે આયશર ગાડીના ચાલક અને તેની સાથે ગાડીમાં મુસાફરી કરી રહેલા તેના ૩ સાથીદાર આરોપીઓને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં વ્યાપક નેટવર્ક ધરાવતા વિશ્વ હિન્દુ પરિષદના સક્રિય કાર્યકરોના દાવા મુજબ તેઓએ આયશર ગાડીમાં નાદાન પશુઓને ગે.કા. રીતે કતલખાને લઈ જતા હોવાની આપેલ બાતમી આધારે તલોદ પોલીસની પેટ્રોલીંગ કરી રહેલ ટુકડીએ રોજડ તરફથી આવતી આયશર ગાડી નં. જીજે ૧૮ એયુ ૯૮૬૭ને આંતરી તલાશી લેતાં સદર ગાડીમાં અત્યંત દયનીય રીતે કુલ ૧૩ મહાકાય ભેંસોને દોરડાથી બાંધીને કતલખાને લઈ જતી હોવાનું જણાયું હતું. પોલીસે આયશર ગાડીના ચાલક વસીમ રાજા બનુમિયાં મલેક રહે. દહેગામને ઝડપી લીધો હતો. તે સાથે તેની સાથે મનાતા એવા ત્રણ આરોપી ઈસમોને પણ પોલીસે ઝડપી લીધા હતા. જેમાં કાલિમઅલી નિયામઅલી સૈયદ રહે. કડી, રાજુભાઈ જવાનભાઈ સરાણીયા રહે. દહેગામ અને પ્રવિણસંગ કાલુસંગ ઠાકોર રહે. બિલમણાનો સમાવેશ થાય છે. ઠસોઠસ ભેંસોને ભરીને ટ્રકની બોડી સાથે બાંધી દેવામાં આવેલી હોઈ કેટલીક ભેંસના શરીર ટ્રકની બોડી સાથે ઘસાઈને લોહીયાળ હાલતનો ભોગ બનેલ જોવા મળેલ હતી.

સરઢવ ગામમાં ખુલ્લેઆમ જુગાર રમતા સાત ઝડપાયા

પેથાપુર પોલીસે દરોડો પાડી ૨૧ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર નજીક સરઢવ ગામમાં એસ.પી.સી.એલ.ની સામે ગલ્લાઓની પાછળ ખુલ્લેઆમ જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે પેથાપુર પોલીસની ટીમે બપોરે દરોડો પાડી સાત જુગારીઓને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. રૂ. ૨૧ હજારના મુદ્દામાલ સાથે સાતેયની ધરપકડ કરી જુગારધારા હેઠળ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પેથાપુર પોલીસ નજીકના સિનિ. પીએસઆઈ એસ.જે. વાઘેલા તેમની ટીમ સાથે જાહેર થઈ ગયેલી ચૂંટણી સંદર્ભે તેમના વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન તેમને બાતમી મળી હતી કે સરઢવ ગામના એસપીસીએલ સામે ગલ્લાઓ પાછળ જુગાર રમાઈ રહ્યો છે જેને આધારે પીએસઆઈ તેમની ટીમ સાથે બાતમી વાળા સ્થળે પહોંચી ગયા હતા અને કોર્ડન કરીને સાતેય જુગારીઓને ઝડપી પાડ્યા હતા. સરઢવ ગામમાં રહેતા નિતેશ લાલા પટેલ, ગૌતમ રમેશ પટેલ,સતિષ ઉર્ફે સલીમ ગોવિંદ પટેલ, વિનોદ શંકર ઠાકોર, સંજય અંબાલાલ બજાણીયા તથા એચપીસીએલના બે ડ્રાઈવરો બિહારનો ચમતુલ અબ્બાસ શેખ અને રાજસ્થાનનો ભાગચંદ બાલુજી ઝાખડ મળી સાતેયની રૂ. ૧૬,૨૭૫ રોકડા, પાંચ હજારના ચાર નંગ મોબાઈલ મળી રૂ. ૨૧,૨૭૫ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી પેથાપુર પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

સાબરકાંઠા જિલ્લા મજૂર સંઘ દ્વારા આજે હિંમતનગરમાં રેલી-ધરણાનો કાર્યક્રમ

હિંમતનગર, તા. ૯

કામદારોના પડતર પ્રશ્નોના ઉકેલ માટે સાબરકાંઠા જિલ્લા મજદૂર સંઘ દ્વારા આજે તા. ૧૦ મી માર્ચના રોજ હિંમતનગર ખાતે રેલી અને ધરણાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

ભારતીય મજદૂર સંઘ સંલગ્ન વિવિધ સંગઠનોના કામદારોના પ્રશ્નો કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા વણ ઉકેલ્યા પડતર છે. જેના નિરાકરણ માટે જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર ખાતે રેલી અને ધરણાનો કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં આંગણવાડી તથા આશાવર્કસ, ફેસીલીએટર્સને સરકારી કર્મચારીગણને સબબ પગાર તથા ભથ્થા નિયત કરવા અંગે, આંગણવાડીઓના સમયમાં સુધારો કરવો, આઈ.સી.ડી. તેમજ એન.આર.એચ.એમ.ની યોજના સિવાયના અન્ય કાર્યોમાંથી આંગણવાડી કાર્યકર તેડાગર તેમજ આશા બહેનોને મુક્ત કરવા જેવા મુદ્દાઓ સાથે જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પોલીસ વડા, સિવિલ સર્જન સહિતના અધિકારીઓને રજૂઆત કરી છે. જેનો કોઈ ઉકેલ ન આવતા આ રેલી અને ધરણા અને હડતાલ યોજાશે તેમ સાબરકાંઠા જિલ્લા મજદૂર સંઘ દ્વારા જણાવાયું છે.

મગરમચ્છની પીઠ જેવા રસ્તાઓ પર

બેફામ બસ દોડાવતા એસ.ટી.ના ડ્રાઈવરને ગર્ભવતી મહિલા મુસાફરની ચિચિયારીઓ પણ ન સંભળાઈ

બસના ડ્રાઈવરની આ પ્રકારની હરકતથી મુસાફરોના જીવ પણ પડીકે બંધાયા હતા : મુસાફરોએ ડ્રાઈવરને ખખડાવતા પછી બસ ધીમી હંકારી

ગાંધીનગર, તા. ૯

સલામત સવારી, એસ.ટી. અમારી, બેઠા પછી સંપૂર્ણ જવાબદારી તમારી. આ વાક્યને સાચુ ઠેરવતી ઘટના તાજેતરમાં જ બાયડથી અમદાવાદ આવતી બસમાં બનવા પામ્યો છે. બસમાં ભરચક પેસેન્જર ભરેલા હોવા છતાં ડ્રાઈવર દ્વારા બે જવાબદાર ભર્યુ ડ્રાઈવીંગથી મુસાફરી કરતા પેસેન્જરોના જીવ પડીકે બંધાયા હતા.

રાજ્યના એસ.ટી. વિભાગમાં ફરજ બજાવતા ડ્રાઈવરોની મનમાનીથી મુસાફરોની હાલાકી ભોગવવી પડતી હોય છે. ડ્રાઈવરો જ્યારે બસ ચલાવતા હોય ત્યારે પોતે વિમાન ચલાવતા હોય તેવું સમજતા હોય છે. ત્યારે ડ્રાઈવરની તુમાખીનો ભોગ બાયડથી અમદાવાદ રૂટની બસના મુસાફરો બનવા પામ્યા છે.

અરવલ્લી ડેપોની બસ બાયડ બસ સ્ટેન્ડ પરથી ગતરોજ ૩.૧૫ કલાકે બપોરે અમદાવાદ આવતી હતી. સામાન્ય રીતે બાયડ-દહેગામથી અમદાવાદ બસનો રૂટ હતો પરંતુ દહેગામ-બાયડ પર ક્ષતિના કારણે બસને બાયડ ધનસુરા હરસોલ, રખિયાલ, દહેગામ થઈ લાવવાની ફરજ પડી હતી. આ રૂટ ખુબ જ બિસ્માર હાલતમાં હતો છતાં પણ ડ્રાઈવરે પુરપાટ ઝડપે દોડાવી હતી.

બસમાં મુસાફરોમાં એક ગર્ભવતી મહિલા અને એક મહિલાને કમરદર્દ હોવાથી કમર પટ્ટો પણ લગાવેલો હતો. બસના ડ્રાઈવરે બસને વિમાનની જેમ દોડાવતો હતો. જેનાથી મુસાફરી કરી રહેલી ગર્ભવતી મહિલા સહિત અન્ય મહિલાને ખુબજ પીડા સહન કરવી પડી હતી. ત્યારે અન્ય મુસાફરોના જીવ પડીકે બંધાયા હતા અને થોડીવારમાં બસમાં ભારે ચિચિયારો થવા લાગી હતી. બસના જાગૃત મુસાફરોએ ડ્રાઈવરને અનેકવાર રજૂઆત કરવા છતા રાજાપાટમાંથી બહાર આવતો ન હતો.

મુસાફરોએ ડ્રાઈવરને બસ સીધી પોલીસ સ્ટેશન ખાતે લઈ જવાની ચેતવણી આપ્યા બાદ ડ્રાઈવરે દહેગામથી અમદાવાદના ૩૦ કિ.મી.ના રૂટમાં ધીમીગતીએ બસ ચલાવી હતી. ડ્રાઈવરની આ પ્રકારની હરકતથી મુસાફરો ભારે પરેશાન થયા હતા અને ડ્રાઈવર નશામાં ચકચૂર હોવાનું પણ મુસાફરો જણાવી રહ્યા હતા.

નશાખોર ડ્રાઈવરના બેજવાબદારભર્યા ડ્રાઈવીંગથી સમગ્ર રૂટ દરમિયાન ગર્ભવતી મહિલાની આંખોમાંથી ચોધાર આંસુ નિકળતા હતા. તેટલી પીડા સહન કરી રહી હતી. મહિલાને ૧૦૮ એમ્બ્યુલન્સમાં જવા માટેની રજૂઆત પેસેન્જરો દ્વારા કરવામાં આવી હતી. મુસાફરી કરતા મુસાફરોની પાંપણો પણ ભીની થઈ જવા પામી હતી. જ્યારે અન્ય એક કમરદર્દથી પીડાતી યુવતીને પણ કમરમાં ભારે દુઃખાવો થવા પામ્યો હતો.

સલામત સવારી એસ.ટી. અમારીના બણગા ફકતા તંત્રએ પગલા ભરવા જરૂરી છે. નહિ તો બસમાં મુસાફરી કરતી ગર્ભવતી મહિલાઓની કુખ આમ જ ઉજળી જશે. એકજ કિસ્સો સામે આવ્યો છે. હજુ તો આવા કેટલાય ડ્રાઈવરો નશો કરીને રાજાપાટમાં ડ્રાઈવીંગ કરતા હશે પરંતુ જરૂર છે તંત્રએ સજાગ થવાની અને આવા બસચાલક વિરૂદ્ધ કાર્યવાહી કરવાની.

મિર્ચી યજ્ઞ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નરેન્દ્ર મોદી લોકસભાની ચૂંટણીઓ માટે આમ તો સૌથી લોકપ્રિય ઉમેદવાર તરીકે દેશમાં ઉભરી આવ્યા છે પરંતુ રાજકિય ચડાવ ઉતાર અને વિવિધ પક્ષોના છાશવારે મંડાતા મોરચાઓને કારણે બદલાતા રાજકિય સમીકરણોમાં ક્યાંક કાચુ ના કપાઈ જાય તે માટે ભાજપના કાર્યકરો કોઈ પ્રકારનું જોખમ ઉઠાવવા માંગતા નથી. રાજકિય રીતે મોદીએ તેમની પ્રતિભાને લાર્જર ધેન લાઈફ સાઈઝમાં વિકસાવી છે અને કોર્પોરેટ જગત પણ નરેન્દ્ર મોદીને વિકાસ પુરૂષના રૂપમા વડાપ્રધાન પદે ઝંખી રહ્યું છે. છતાં તેમના આ મિશનમાં કોઈ કચાશ રહી જાય તેવું ભાજપના કાર્યકરો ઈચ્છતા નથી. આ કારણથી તેમણે નરેન્દ્ર મોદીને બુરી નજર ના લાગે અને તેમને કોઈ વિઘ્ન ન નડે તે માટે અનોખા મિર્ચી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ યજ્ઞમાં આહુતિ આપવા ગાંધીનગર બ્રહ્મસમાજના પ્રમુખ પિનાકીન રાવલ, ઉપપ્રમુખ અશ્વિન ત્રિવેદી, શહેર ભાજપ પ્રમુખ નિતીન પટેલ, બ્રહ્મસમાજના પૂર્વ પ્રમુખ કનૈયાલાલ પંડ્યા, ગોધરાના પૂર્વ ધારાસભ્ય અને બજરંગદળના પ્રમુખ હરેશ ભટ્ટ, સ્ટેન્ડિંગ કમિટિના ચેરમેન આશિષ દવે સહિત ગાંધીનગરના મ્યુનિસિપલ કોર્પોરેટર્સ અને મોટી સંખ્યામાં ભાજપના અગ્રણીઓ, કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. આ યજ્ઞમાં ૨૭૫ આહુતિઓ આપવામાં આવી હતી. જેમાં લગભગ ૭ કિલો જેટલા મરચાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

તાજેતરમાં આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલે તેમની ગુજરાતની મુલાકાત દરમ્યાન ગુજરાતના વિકાસ અંગે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના દાવાને પડકાર્યો હતો અને નરેન્દ્ર મોદીને મળવા માટે ત્રાંગા કર્યા હતા જેનાથી મીડિયામાં તેમને સારૂ એવુ કુટેજ મળ્યું હતું. કેજરીવાલની આ મુલાકાત દરમ્યાન ઘણે ઠેકાણે તેમના ટેકેદારો અને ભાજપના કાર્યકરો વચ્ચે ઘર્ષણ પણ થયુ હતુ. કેજરીવાલે હવે કોંગ્રેસને એક તરફ રાખી માત્ર ભાજપ અને ખાસ કરીને નરેન્દ્ર મોદીને ટાર્ગેટ બનાવી સતત આક્ષેપો અને પડકારો દ્વારા ખુલ્લી ચેલેન્જ ફેંકી છે ત્યારે આ યજ્ઞ મોદી સાહેબને કેટલી બુરી નજરો અને કેટલા વિઘ્નોથી બચાવશે તે તો સમય જ કહેશે. પરંતુ આ બધી બાબતોથી એક વાત તો નક્કી થઈ જ ગઈ છે કે ભલે નરેન્દ્ર મોદીનો વડાપ્રધાન પદ સુધીનો માર્ગ સરળ ના હોય, તેમના ચાહકો કોઈપણ પ્રકારની કચાશ છોડવા માંગતા નથી.

જીંદગી કચડાઈ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હોસ્પિટલ દાખલ કરવામાં આવ્યા છે. અકસ્માત બાદ રેસર્સ પૈકી આઈ-૧૦ ગાડી લઈને ડ્રાઈવર નબીરો ભાગી છુટ્યો હતો. વેગનઆરમાં સવાર ચાર નબીરાઓને પણ ઈજાઓ થતા કલોલ સિવિલમાં દાખલ કરાયા છે. મણીનગર ગોપાલ ટાવરમાં રહેતા વિનય શંકર ચાંદકાની, વેજલપુરનો ગીરીષ વિદ્યાભુષણ શર્મા, દરીયાપુરનો રાહુલ શંકરલાલ ગુરનાણી, ઠક્કરનગરના નિશીત જયંતિ વાઘેલાનો સમાવેશ થાય છે. ડ્રાઈવરના બ્લડ સેમ્પલ લઈ દારૂ પીધેલો હતો કે શું ? તપાસ માટે સેમ્પલ મોકલી કલોલ પોલીસે ગુનો દાખલ કરેલ છે.

ભાજપ પાર્લામેન્ટરી બોર્ડમાં દક્ષિણ ગુજરાતની ચર્ચા થઈ

ગાંધીનગર, તા.૯

પ્રદેશ ભાજપ પાર્લામેન્ટરી બોર્ડની આજે મળેલી બેઠકમાં ગુજરાતની નવ બેઠકો માટેના સંભવિત ઉમેદવારોના નામોની પેનલ યાદી તૈયાર કરી દેવામાં આવી હોવાનું જાણવા મળે છે.

ગાંધીનગર ખાતે આજે પ્રદેશ ભાજપ અધ્યક્ષ આર.સી. ફળદુની અધ્યક્ષતામાં અને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી અને પ્રભારી ઓમ માથુરની ઉપસ્થિતિમાં પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની બેઠકનો ધમધમાટ શરૂ થવા પામ્યો છે. આજે મળેલી બેઠકમાં ૨૬ લોકસભા બેઠકો માટેના સંભવિત ઉમેદવારોના નામો પર ચર્ચા કરીને પેનલ યાદી તૈયાર કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આજે મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતની નવ બેઠકો માટેના સંભવિત ઉમેદવારોની પસંદગી માટે જિલ્લા નિરીક્ષકોના અહેવાલોની સમીક્ષા કરીને સંભવીત નામો પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ આજે મધ્ય અને દક્ષિણ ગુજરાતની નવ બેઠકો માટેના સંભવિત ઉમેદવારોના નામો ઉપર ચર્ચા કરીને ત્રણ નામોની પેનલ યાદી તૈયાર કરી દેવામાં આવી છે. આ નામોની પેનલ યાદી પર પુનઃ સમીક્ષા કરીને આખરી પેનલ યાદી તૈયાર કરવામાં આવશે.

આવતીકાલે ઉત્તર ગુજરાત સહીતની કેટલીક બેઠકો માટેના ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. જયારે ૧૨મીના રોજ સૌરાષ્ટ્ર કચ્છની બેઠકો માટે ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. સતત ત્રણ દિવસ સુધી પાર્લામેન્ટરી બોર્ડની મેરેથોન બેઠકનો દોર ચાલનાર છે જેમાં તમામ ૨૬ બેઠકો માટેના ઉમેદવારોની પેનલ યાદી તૈયાર કરી દેવામાં આવશે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ કેટલીક બેઠકો પરના વર્તમાન સાંસદોને રીપીટ કરવામાં આવનાર છે તેવી બેઠકો પર માત્ર એક જ નામ રાખવામાં આવશે ત્યારે જે બઠક પર સાંસદને રીપીટ નહી કરીને નવા ચહેરાની પસંદગી કરવાની છે તેવી બેઠકો પર ત્રણ નામોની પેનલ યાદી તૈયાર કરવામાં આવનાર છે.

તમામ ૨૬ લોકસભા બેઠકો માટે સંભવીત ઉમેદવારોના નામો અંગે મુખ્યમંત્રી સાથે બેઠકમાં નક્કી કરવામાં આવ્યા બાદ પેનલ યાદીને આખરી કરવામાં આવશે અને આગામી સપ્તાહે પ્રદેશ નેતાઓ આ યાદી સાથે દિલ્હી જશે અને મોવડી મંડળને પેનલ યાદી સુપરત કરશે.

ક્રરા-વરસાદ પડશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હવે ધીમા પગલે ઉનાળાની શરૂઆત પણ થતી જણાય. આ માસના આગામી દિવસોમાં રાજ્યના કેટલાક ભાગોમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સીયસથી વધુ થવાની વકી રહે, જ્યારે એપ્રિલ ૨૮ બાદ કેટલાક ભાગોમાં મહત્તમ ઉષ્ણતામાનનો પારો ૪૨ ડિગ્રી સે.થી વધુ થવાની વકી રહે. માર્ચ-૧૯ બાદ ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતના કેટલાક ભાગોમાં મહત્તમ પારો ૪૦ ડિગ્રીને આંબી જાય. માર્ચ ૨૦૧૪માં આવનાર દિવસોમાં હવામાનમાં થતા પલટા અંગે જોતા માર્ચ ૧૦થી ૧૨માં પવન સાથે વાદળ-વરસાદના યોગો રહે. માર્ચ તા. ૨૪ સુધીમાં આંધી વંટોળ સાથે વરસાદના યોગો રહે. ગુજરાત સહિત પશ્ચિમ ભારતના દરિયાઈ વિસ્તારોમાં હવાના દબાણ ઉભા થતાં પવન ફૂંકાય અને દક્ષિણ ભારતના ભાગોમાં કેરળ, ચેન્નાઈ, દક્ષિણ પૂર્વના કેટલાક ભાગોમાં વરસાદ થવાની વકી રહે. મહારાષ્ટ્રના ભાગોમાં પણ હવામાન પલટાય ઉપરાંત હજુ પણ દેશના ઉત્તરીય પર્વતિય પ્રદેશોમાં હિવર્ષા થવાની વકી સાથે ઠંડક કે કરાનો વરસાદ થાય. પશ્ચિમી વિક્ષેપની અસર હજુ પણ રહે. દિલ્હી, પંજાબ, હરીયાણા, રાજસ્થાનના ભાગોમાં હવામાન કથળે અને ઠંડકનો કે કમોસમી વરસાદ થવાની વકી રહે. પશ્ચિમ બંગાણ અને ઓરીસ્સાના ભાગોમાં પણ કમોસમી વરસાદની વકી રહે. સૌરાષ્ટ્ર કચ્છના ભાગોમાં પણ હવાના દબાણ થતાં વંટોળ, આંધી કોઈ કોઈ ભાગોમાં વરસાદ પડી શકે. આંધી ગાજવીજ સાથે વરસાદની વકી રહે. વરસાદ ખાસ કરીને સમુદ્રના ભાગો, પશ્ચિમ વિક્ષેપની અસર તળે આવતા ભાગો-વંટોળ ઉભા થતા વાદળા કે કરા ખેંચી લાવે તેવા ભાગોમાં વરસાદ થવાની વકી રહે.

શબ્દાવલી - ૫૩૩૪

૧		૨	૩	૪	■	■	૫
■	■	૬				■	
૭			■		■	૮	
	■	૯	૧૦		■	૧૧	
૧૨		■		■	૧૩		
■	■	૧૪		૧૫		■	■
૧૬	૧૭		■	૧૮			૧૯
૨૦			■	■		■	

આડી ચાવી

૧. લોકો હસે તેવું કાર્ય (૫)
૬. લપસવું (૪)
૭. ગુજારો, જીંદગી... કરો (૩)
૮. નોકરી (૨)
૯. તગડીના ફૂલ (૩)
૧૧. કેલેન્ડરની તારીખોની બાંધેલી થોકડી (જથ્થામાં) (૨)
૧૨. દેવ-મનુષ્ય-પશુ-પક્ષી વગેરે... કહેવાય (૨)
૧૩. મજબૂત (૩)
૧૪. ઘનઘોર, ઘેઘુર (૪)
૧૬. બારોબાર, સીધે માર્ગે જનારો (૩)
૧૮. થૂંકદાન (૪)
૨૦. ખડક (૩)

ઊભી ચાવી

૨. ઇચ્છા, આકાંક્ષા (૪)
૩. અર્ક, સત્ત્વ (૨)
૪. એકરાર (૪)
૫. વરણાગિયો, લહેરી યુવાન (૫)
૭. એકબીજાને સાથે જોડાયેલા (૩)
૮. એકબીજા સાથે જોડાયેલા (૩)
૧૦. વાતો (૩)
૧૩. ઓચિંતા, આવી પડવું (૪)
૧૪. ઘર જેવો સંબંધ (૩)
૧૫. કેપ, માથે પહેરાય તે (૨)
૧૬. પક્ષીઓ આનાથી જ ઉડી શકે (૨)
૧૭. જમીન, ભૂ (૨)
૧૯. પર્વત, ઝાડ, વૃક્ષ (૨)

શબ્દાવલી ૫૩૩૩ના જવાબ

આડી ચાવી :- (૧) યેનકેન (૪) પગલા (૬) ભવરણ (૮) આકાર (૧૦) રૂખ (૧૧) દરવાજો (૧૩) વરઘોડો (૧૪) અંગીકાર (૧૬) વંદા (૧૭) કાખબલાઇ (૨૦) ડ્રોઝ (૨૧) થડ

ઊભી ચાવી :- (૨) નવકા (૩) નભ (૪) પરખ (૫) ગણ (૭) વરૂ (૮) આદર્શ (૯) રવાનગી (૧૨) આડોડાઇ (૧૩) વરખ (૧૪) અંદાઝ (૧૫) કાકાજી (૧૬) વંગે (૧૮) બથ (૧૯) લાડ

ટાઈમ લાઈન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કર્યું અને પાર્ટીમાં ભડકો થતાં છેલ્લી ઘડીએ તેમનો છેદ ઉડાવી દેતાં હાલ આ નિવૃત્ત અધિકારી આમ આદમી પાર્ટીમાં જોડાયા છે. ગાંધીનગરની બેઠક ઉપર ભાજપના લાલકૃષ્ણ અડવાણીની સામે આઈએએસ અને ખુદ ચૂંટણી કમિશનર રહી ચૂકેલા ટી.એન.શેષાન તેમજ નિવૃત્ત આઈપીએસ પી.કે.દત્તા ચૂંટણી લડી ચૂક્યાં છે. બી.એચ.ઘોડાસરા જેવા આઈએએસ ઓફિસરે પણ નસીબ અજમાવ્યું છે...

હવે લોકસભાની ચૂંટણીમાં ત્રણ નામો સામે આવેલા છે. એક છે, આનંદ મોહન ભારદ્વાજ -જેઓ નિવૃત્ત આઈએએસ છે, તેમણે લોકસભા લડવા માટે આમ આદમી પાર્ટી જોઈન્ટ કરી છે. તેમના પછી આપણા ડી.કે.રાવનો નંબર આવ્યો છે. તેઓ આંધ્રપ્રદેશથી ચૂંટણી લડશે, જો કે તેમનું રાજીનામું હજી મંજૂર થયું નથી. અન્ય એક નિવૃત્ત અધિકારી ક્રિસ્ટી ફર્નાન્ડીઝ કે જેઓ ગુજરાત કેડરના નિવૃત્ત અધિકારી છે, તેઓ કેરાલાથી ચૂંટણીમાં ઝંપલાવે છે. એક મિડિયા મિત્રએ કહ્યું હતું કે ઓફિસર કઈ સરકાર કે પાર્ટીને વફાદાર રહ્યાં છે તેનું સાચું ચિત્ર આ સમયે જોવા મળે છે...

દેશ કી બેટી MP કેમ ન બની શકે...

મહિલાઓ પુરૂષની બરોબરી કરી શકે..?.. આવો પ્રશ્ન કોઈ પૂછે તો સભ્ય સમાજ હા માં ઉત્તર આપે છે. પણ જો રાજકારણની વાત આવે તો... મૌન બની જાય છે... મહિલાઓને ૫૦ ટકા બેઠકો આપવાની વાતો કરતા આપણા નેતાઓ મહિલાઓને સાચા અર્થમાં રાજકારણની ધૂરા સોંપી શકતા નથી. સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં પ્રયોગ કરે છે પણ ધારાસભા કે લોકસભામાં હરગીઝ નહી... દલીલ એવી કરે છે કે મહિલા ઉમેદવાર જીતી નહી શકે...પણ જો પરસ્પર સમજૂતિ કરીને બન્ને મુખ્ય પક્ષો સામસામે મહિલા ઉમેદવારો ઉભા રાખે તો... એક ઉમેદવારને તો પસંદ કરવો જ પડશે.. આ યુક્તિ અજમાવવી જોઈએ..

આપણો રાજકીય ઈતિહાસ કહે છે કે અત્યાર સુધી ગુજરાતમાં યોજાયેલી લોકસભાની ૧૩ ચૂંટણીમાં કુલ મહિલા ઉમેદવારોની સંખ્યા ૧૨૩ થઈ હતી જે પૈકી માત્ર ૨૨માં જ સફળતા મળી છે. બાકીની ૮૩ મહિલાઓ ચૂંટણી હારી ગઈ છે. સૌથી વધુ ચાર મહિલાઓ ૧૯૯૮ અને ૨૦૦૯ની ચૂંટણીમાં વિજેતા બની છે. ૧૯૬૭ની ચૂટણીમાં માત્ર એક મહિલા ઉમેદવારને ટીકીટ મળી હતી જે વિજેતી બની હતી. આપણો સભ્ય સમાજ મહિલાઓને આગળ આવવા દેતો નથી. વિશ્વમાં યોજાયેલા તમામ સર્વે એવું કહી રહ્યાં છે કે ભ્રષ્ટાચાર અટકાવવો હોય તો મહિલાઓને રાજકારણમાં તક આપવી જોઈએ... બસ, આ જ સર્વે પુરૂષ નેતાઓને ગમતો નથી...!!

દિલ્હીમાં ઉત્તરપ્રદેશનો દબદબો રહ્યો છે...

ભારતના રાજકારણમાં ઉત્તરપ્રદેશનો હંમેશા દબદબો રહ્યો છે. એવું નોંધાયું છે કે ૪૭ વર્ષોમાં આ રાજયએ ભારતને આઠ પ્રાઈમ મિનિસ્ટર આપ્યા છે. આ દેશના પહેલા પ્રધાનમંત્રી જવાહરલાલ નહેરૂ આ સ્ટેટમાંથી પ્રતિનિધિત્વ કરતા હતા. ઈન્દિરા ગાંધી, રાજીવ ગાંધી, અટલ બિહારી વાજપેયી, લાલબહાદુર શાસ્ત્રી, વી.પી.સિંહ, ચંન્દ્રશેખર અને ચરણસિંહનો પણ તેમાં સમાવેશ થાય છે. એકમાત્ર મોરારજી દેસાઈ ગુજરાતના કહી શકાય છે. આજે ૨૦૧૪ છે. નરેન્દ્ર મોદી ગુજરાતના બીજા એવા નેતા છે કે જેઓ રાષ્ટ્રીય ફલક ઉપર ટોપમોસ્ટ પોસ્ટ ઉપર દાવેદાર બન્યા છે. ગુજરાતના ૫૪ વર્ષના ઈતિહાસમાં આ ઘટના ક્યારેય બની નથી...

ભારતના સ્વાતંત્ય સેનાની અને છઠ્ઠા વડાપ્રધાન (૧૯૭૭-૧૯૭૯) એવા પ્રથમ હતા કે જેઓ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના બદલે અન્ય કોઈ રાજકીય પક્ષમાંથી ચૂંટાયા હતા. ભારત રત્ન અને નિશાને પાકિસ્તાન થી તેમને સન્માનિત કરવામાં આવેલા છે. તેમનું વતન વલસાડ જિલ્લાનું ભદેલી ગામ હતું. સિવિલ સેવામાં જોડાયેલા મોરારજી દેસાઈએ ૧૯૨૪માં અંગ્રેજોની નોકરી છોડી દીધી હતી અને આઝાદીની ચળવળમાં જોડાઈ ગયા હતા. આજે પણ બે રૂપિયા અને ૨૦ પૈસામાં ભારતના લોકોને ખાંડ આપનાર વડાપ્રધાન તરીકે લોકો તેમને યાદ કરે છે...તેઓ કહેતા હતા કે 'લાઈફ એટ એની ટાઈમ કેન બીકમ ડિફિકલ્ટ, લાઈફ એટ એની ટાઈમ કેન બીકમ ઈઝી. ઈટ ઓલ ડિપેન્ડ્સ અપોન હાઉ વન એડજસ્ટ્સ વનસેલ્ફ ટુ લાઈફ.'

મોદી પછી કેજરીવાલને પણ છંછેડવા નહી..!!

કહેવાય છે કે નરેન્દ્ર મોદીને છંછેડવા નહી, જો તેમને ડિસ્ટર્બ કર્યા તો નેગેટીવ પબ્લિસિટી લેતાં પણ તેમને સારી રીતે આવડે છે. કોંગ્રેસના એક નેતા મણીશંકર ઐયરે એવી કોમેન્ટ પાસ કરી હતી કે મોદી વડાપ્રધાન તો ના બની શકે પરંતુ ચા જરૂર વેચી શકે છે.. હા, મોદી ઈચ્છે તો કોંગ્રેસના કાર્યક્રમ સ્થળની બહાર ચા વેચી શકે છે... ફિલ્મ અભિનેતા અને કોંગ્રેસના નેતા રાજબબ્બરે પણ એવી ટીપ્પણી કરી હતી કે ચા વેચીને કોઈ દેશનો વિકાસ થતો નથી... આ કોમેન્ટનું પરિણામ શું આવ્યું...?.. આજે સમગ્ર દેશમાં 'ચાય પે ચર્ચા' નો ચોરો ખુલી ગયો છે. દેશભરમાં નમો ટી સ્ટોલ ખુલી ગયા છે... એક તબક્કે કોંગ્રેસના અધ્યક્ષા સોનિયા ગાંધીને પાર્ટીના લિડરોને મર્યાદામાં રહીને કોઈની કોમેન્ટ આપવાનો આદેશ કરવો પડ્યો હતો...

એવી જ રીતે દિલ્હીના પૂર્વ મુખ્યપ્રધાન અરવિંદ કેજરીવાલને પણ છંછેડવા જેવા નથી. તેમની સામે કોઈ ટીપ્પણી કરે તો તેનો બદલો મળે છે. સત્તાને ફુટપાથ પરથી ચલાવતા નવી પાર્ટીના આ નેતા ગુજરાતની મુલાકાત લઈ ગયા અને ટારગેટ પ્રમાણે નરેન્દ્ર મોદીની પોલ ખોલી... છેલ્લા ૧૨ વર્ષથી કોંગ્રેસે જે ના કર્યુ તે કેજરીવાલે બે દિવસમાં કરી બતાવ્યું...!! રાષ્ટ્રીય સ્તરે તેઓ છવાઈ ગયા... ગુજરાતની મુલાકાત દરમ્યાન જયપુર થી દિલ્હી સુધી પ્રાઈવેટ પ્લેનમાં ગયા તો તેમની સામે માછલા ધોવાયા, તુરત જ તેમણે કહ્યું હું ઈન્ડિયા ટુડે એ મોકલાવેલા પ્લેનમાં ગયો હતો, પણ તમે કોના કોના પ્લેન વાપરો છો તે જાહેર કરો...!! કેજરીવાલને છંછેડવાથી શું થાય છે તે બીજા પક્ષના નેતાઓ જાણી ચૂક્યાં છે.. તેમની રાધનપુરમાં જયારે અટકાયત કરવામાં આવી ત્યારે તેમણે સમગ્ર દેશને ગજવી દીધો અને નેશનલ લેવલે પબ્લિસિટી મેળવી લીધી...

**'આપ' શબ્દ એ કેજરીવાલની મોન